# કૃષિ મહાવિદ્યાલય – વ – કૃષિ પોલિટેકનીક વસો ખાતે યોજાયેલ આઠમો વાર્ષિક દિન ઉજવણી કાર્યક્રમ "વસોધરા – ૨૦૨૨"

તારીખ ૦૭ જૂન નાં રોજ કૃષિ મહાવિદ્યાલય – વ – કૃષિ પોલિટેકનીક, વસો ખાતે આણંદ કૃષિ યુનિવર્સિટી ના માનનીય કુલપતિશ્રી ડૉ. કે.બી. કથીરીયા સાહેબના પ્રમુખપદે આઠમો વાર્ષિક દિન "વસોધરા – ૨૦૨૨" ઉજવણી નો કાર્યક્રમ યોજાયેલ. આ વાર્ષિક દિન ઉજવણીમાં મુખ્ય મહેમાન તરીકે આણંદ કૃષિ યુનિવર્સિટીનાં ભૂતપૂર્વ મા. કુલપતિ શ્રી ડૉ. એ.એમ.શેખ તથા યુનિવર્સિટીનાં અન્ય અધિકારીશ્રીઓ તેમજ વસો, રામપુર, બામરોલી અને પલાણા ગામના શ્રેષ્ઠીઓ અને આગેવાનો, દાતાશ્રીઓ એ હાજર રહી પ્રસંગ ને દિપાવ્યો હતો.

આ વાર્ષિક દિન ઉજવણી ના કાર્યક્રમમાં વિવિધ સ્પર્ધાઓ જેવી કે એક મિનિટ, અંતાક્ષરી, ડમશેરાડ, ખાટ પે બાત, સિંગીગ, ડાન્સીંગ, વગેરે નું આયોજન થયેલ જેમાં બંન્ને કોલેજના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ એ ખુબ જ ઉત્સાહથી ભાગ લીધેલ. ઉપરાંત વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ રંગોલી, ગરબા, સુશોભનના કાર્યક્રમમાં પણ ખુબ જ રસપૂર્વક ભાગ લીધેલ. સદર કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ " ક્રિએટીવ કોર્નર" આકર્ષણનું કેન્દ્ર બનેલ હતું.

કાર્યક્રમની શુભ શરૂઆત કૃષિ કોલેજના એસ.આર.સી. ચેરમેન શ્રી પ્રતિક પંચાલ દ્વારા આમંત્રિત મહાનુભાવોનો તથા સર્વે ઉપસ્થિત પ્રાધ્યાપક ગણ તથા વિદ્યાર્થી મિત્રોનો શાબ્દિક તથા પુષ્પગુચ્છથી સ્વાગતથી કરેલ. વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન ગુજરાત સરકાર દ્વારા આયોજિત ખેલમહાકુંભ સ્પર્ધામાં કૃષિ મહાવિદ્યાલય – વ – કૃષિ પોલિટેકનીક, વસોનાં કુલ ૧૬૫ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ (વોલીબોલ, ખો-ખો, કબડ્ડી, ટેબલટેનીન, બેડમિન્ટન, ફૂટબોલ, ચેસ, એથલેટીક્સ, સ્કેટિંગ, યોગાસન જેવી) સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જેમાં વિવિધ રમતોમાં અત્રેની કોલેજના વિદ્યાર્થીઓ તાલુકા તથા જીલ્લા કક્ષાએ પ્રથમ આવેલ અને ઝોન કક્ષાએ ભાગ લીધો હતો. યુનિવર્સિટી આયોજિત સ્પોર્ટસ અને એથલેટીક્સ સ્પર્ધામાં ૧૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ તથા સાંસ્કૃતિક સ્પર્ધામાં ૧૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. ઉપરાંત, "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત આયોજિત વિવિધ કાર્યક્રમોમાં કુલ ૭૩૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. આ વાર્ષિક દિન ઉજવણી કાર્યક્રમમાં વર્ષ દરમિયાન ઉપરોક્ત જણાવેલ વિવિધ રમત-ગમત તથા સાંસ્કૃતિ પ્રવૃતિઓમાં ભાગ લઇ વિજેતા બનનાર વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ ને તથા "સ્ટુડન્ટ ઓફ ધ યર", " બેસ્ટ સ્ટુડન્ટ ઓફ ધ સ્પોર્ટસ" ને પણ ઇનામ વિતરણ કરી તેઓને પ્રોત્સાહિત કરવામાં આવેલ. કાર્યક્રમ દરમ્યાન આમંત્રિત મહાનુભાવો એ પોતાના વ્યક્તવ્ય દ્વારા ગ્રેજ્યુએશન પુર્ણ કરનાર બંન્ને કોલેજની બેચ ને ઉત્તમ કારકીર્દી માટે માર્ગદર્શન, આર્શીવચન આપી અભિનંદન પાઠવેલ. કાર્યક્રમના પ્રમુખ શ્રી. ડો.કે.બી.કથીરિયા સાહેબે પોતાના વ્યક્તવ્ય દ્વારા ગ્રેજ્યુએશન પુર્ણ કરનાર બંન્ને કોલેજની બેચ આ કોલેજથી અભ્યાસ પૂર્ણ કરી હજુ વધુ ઉચ્ચ અભ્યાસ માટે પ્રયત્નો કરવા જોઇએ જેથી ભવિષ્ય વધુ ઉજ્જવળ બનાવી શકાય એમ જણાવેલ. તદુપરાંત,બંને કોલેજનું મેગેઝીન "વસોધરા" તથા "પ્લેસમેન્ટ બ્રોશર" નું મહાનુભાવો દ્વારા વિમોચન કરવામાં આવેલ.

કૃષિ પ્રધાન દેશમાં કૃષિ ક્ષેત્રે ઉજ્જ્વળ કારર્કિદી અર્થે અભ્યાસ કરતા વિર્દ્યાર્થીઓને ઉત્સાહ અને પ્રેરણા મળી રહે તે હેતુ આણંદ કૃષિ યુનિવર્સિટી તેજસ્વી વિદ્યાર્થીઓને વિવિધ ચંદ્રકો દ્વારા નવાજે છે, અત્રેની વસો કોલેજના તેજસ્વી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા વિવિધ દાતાઓ સર્વેશ્રી ડૉ. ડી.બી. પંચાલ (આણંદ) શ્રીમતી અંજનીબેન બળવંતભાઇ પટેલ (નડીયાદ), સુનિલભાઇ પટેલ (આણંદ હાલ યુ.એસ.એ), ઇન્દ્રવદનભાઇ પટેલ (નાવલી હાલ યુ.એસ.એ.) શ્રીમતી અલકાબેન નિકુલભાઇ અને નિકુલભાઇ સી. પટેલ (આણંદ) તથા ડૉ. બકુલભાઇ સી. જોષી (કોડીનાર, હાલ ગુરગાવ) દ્વારા વિવિધ વિષયોમાં ગોલ્ડ પ્લેટેડ સિલ્વર મેડલ માટે અનુદાન કરેલ. આ ઉપરાંત અમદાવાદનાં શેઠશ્રી અમિતભાઇ તથા પ્રકાશભાઇ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને

આર્થિક સહાય પણ આપેલ. આચાર્યશ્રી ડૉ. વી.પી.રામાણીએ સર્વ દાતાશ્રીઓનો આભાર માની શાલ ઓઢાળી સન્માન કરેલ.

કાર્યક્રમનાં અંત માં પોલિટેકનિકના એસ.આર.સી. ચેરમેનશ્રી ડૉ. ચિરાગ વર્મા દ્વારા કાર્યક્રમની સફળતા માટે લીધેલ ભારે જેહમત બદલ સૌનો હૃદયપૂર્વક આભાર વ્યકત કરેલ અને રાષ્ટગાન સાથે આઠમાં વાર્ષિક દિન "વસોધરા – ૨૦૨૨" ની ઉજવણી કાર્યક્રમની પૂર્ણાહુતિ થયેલ.

**વાર્ષિક દિન ઉજવણી ની ઝાંખી:**




COLLEGE OF AGRICULTURE &
POLYTECHNIC IN AGRICULTURE
ANAND AGRICULTURAL UNIVERSITY, VASO
8th Annual Day Celebration
2k22
VASOधRA
Surjami Corporation
Primashri Enterprise


દાતાશ્રી : વિદ્યાર્થી આર્થિક સહાય
2k22
VASOधRA
શ્રીમાન અમિતભાઈ શેઠ
અમદાવાદ


COLLEGE OF AGRICULTURE &
POLYTECHNIC IN AGRICULTURE
ANAND AGRICULTURAL UNIVERSITY, VASO
8th Annual Day Celebration
Diamond Sponsor


BOOK RELEASE
Vasodhara
Placement Brochure
Diamond Sponsor


2k22
Event Sponsors
Diamond Sponsor
Golden Sponsors


March 14, 2022
Organized By
COLLEGE OF HORTICULTURE
ANAND AGRICULTURAL UNIVERSITY, ANAND
2k22
Diamond Sponsor
Golden Sponsors




(2.) ROMAN LETTERS BY MATCHES
I II III IV
V VI VII
VIII IX X
50


(3.) SAREE WEARING
33

********